ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૯-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

એક હૃદય હો ભારત જનની

ભારતને એક તાંતણે કોણ બાંધી શકે? ભાષા કે ધર્મ? આદિ શંકરાચાર્યને એમના જમાનામાં આ મહત્ત્વનું કામ ધર્મ જ પાર પાડી શકે એમ લાગેલું. તેથી તેઓએ દેશભરમાં પગપાળા ફરી ચાર ખૂણે ચાર ધર્મપીઠો સ્થાપી હતી. આજે આપણો દેશ અનેક ધર્મો, સંપ્રદાયો અને ભાષાઓમાં વહેંચાયેલો છે. પરંતુ એનો આત્મા એક અને અકબંધ છે. મહાત્મા ગાંધીને જ નહીં, એમના પુરોગામી વડોદરા નરેશ સર સયાજીરાવ ગાયકવાડ તથા મહર્ષિ દયાનંદ સરસ્વતીને પણ લાગેલું કે આ દેશને એક સૂત્રમાં પરોવવા માટે એક રાષ્ટ્રભાષા જરૂર છે. આ રાષ્ટ્ર ભાષા એવી હોય જેને દેશની મોટા ભાગની પ્રજા સમજી શકતી હોય, જરૂર પડ્યે બોલી પણ શકતી હોય. હિન્દુસ્તાન તરીકે ઓળખાતા આ દેશમાં હિંદી કે હિન્દુસ્તાની જ આવી ભાષા બની શકે. ગાંધીજીએ તો હિંદીને બદલે હિન્દુસ્તાની જેવી લોકભાષા વિકસાવવાનો આગ્રહ સેવ્યો હતો જેમાં હિંદી ઉપરાંત દેશની અન્ય ભાષાઓના શબ્દો પણ સામેલ હોય. કબીર એમના સમયમાં આવી સાધુકડી ભાષાના સમર્થક હતા. ભારતેન્દુ હરિશ્ચંદ્રે અંગ્રેજીના વધતા પ્રભાવ સામે લાલબત્તી ધરતાં તાર સ્વરે ગાયેલું: 'નિજ ભાષા ઉન્નતિ અહે સબ ઉન્નતિ કો મૂલ.' પ્રગતિનાં શિખરો સર કરવા સ્વભાષાની ઉન્નતિ જરૂરી છે. પ્રેમાનંદે ક્યારેક ગુજરાતીમાં અવગણના થતી જોઈને - 'શું શાં પૈસા ચાર' વાળી પરિસ્થિતિ પલટાય નહીં ત્યાં સુધી શિખા નહીં બાંધવાની અને પાઘડી નહીં પહેરવાની કઠોર પ્રતિજ્ઞા કરી હતી,. મહર્ષિ દયાનંદે એમનો ધર્મગ્રંથ 'દેવભાષા' (સંસ્કૃત)માં નહીં લખતાં 'દેવભાષા' (હિન્દી)માં લખીને પ્રેરક ઉદાહરણ પુરૂં પાડ્યું હતું. કમનસીબે દેશ આઝાદ થયા પછી રાષ્ટ્ર ભાષાની આ ઝુંબેશ મોળી પડી ગઈ. દક્ષિણનાં રાજ્યોને હિંદી ઉત્તર ભારતના વર્ચસ્વના પ્રતીક જેવી લાગી. એથી જે વિરોધવંટોળ જાગ્યો એને લીધે દેશની તમામ બાવીસ માન્ય પ્રાદેશિક ભાષાઓને રાજભાષા ગણી હિંદીની સમકક્ષ દરજ્જો અપાયો. વલી કેન્દ્ર સરકારનો વહીવટ અંગ્રેજી અને હિંદી બેઉ ભાષાઓમાં ચલાવવાનો નિર્ણય લેવાયો. પંડિત નહેરુ વધુ પડતા સંવેદનશીલ અને લવચીક (ફલેક્સીબલ) વડાપ્રધાન હતા. એ હિંદી માટેનો આગ્રહ ન રાખી શક્યા. પહેલી એનડીઓ સરકારના વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ યુનોમાં હિંદીમાં પ્રવચન જરૂર કર્યું હતું પરંતુ દેશમાં હિંદીને એનો રાષ્ટ્રભાષાનો દરજ્જો ન જ અપાવી શક્યા. આટલાં વર્ષો પછી હિંદીમાં આગ્રહ રાખનારા વધુ એક વડાપ્રધાન દેશને સાંપડ્યા છે, જે હિંદીમાં વિશાળ જનસભાઓ સંબોધીને લોકસભાની ચૂંટણી જીત્યા છે. જાપાન જઈને તેઓ હિંદીમાં બોલે છે અને અઢળક વાહવાહી મેળવી શકે છે. શું તેઓ હિંદીને એનું ઊચિત રાષ્ટ્રીય સન્માન, રાષ્ટ્રભાષાનો દરજ્જો અપાવી શકશે? જો એ આટલું ક્રાંતિકારી પગલું ભરી શકશે તો દેશને આજપર્યંત જેની ખોટ વરતાઈ રહી છે એવી રાષ્ટ્રભાષા સાંપડી શકશે અને તેનું શ્રેય ગુજરાતી વડાપ્રધાનને મળશે. હિંદી દિવસની કે હિંદી પખવાડિયાની કર્મકાંડની જેમ ઉજવણીનો કશો જ અર્થ રહ્યો નથી. ખરી જરૂર એને બંધારણીય દરજ્જો આપી પ્રતિષ્ઠિત કરવાની છે. એક સર્વેક્ષણ અનુસાર હિન્દી આજે વિશ્વમાં સૌથી વધુ લોકો દ્વારા બોલાતી અને સમજી શકાતી ભાષા બની ચૂકી છે. એનું શ્રેય અલબત્ત, આપણા સિનેજગતને જ આપવું રહ્યું, રાજકપૂર રશિયામાં લોકપ્રિય હતા અને અમિતાભ બચ્ચન આખી દુનિયા ડોલાવી રહ્યા છે. ચીનની મેન્ડેરીન અને યુરોપ અમેરિકાની અંગ્રેજી કે ઇસ્લામની અરેબિક કરતાં હિંદી કોઈ પણ માપદંડથી લેશ પણ ઊતરતી ભાષા નથી. મૂઠીભર લોકો દ્વારા બોલાતી ફ્રેન્ચ યુનોની માન્ય ભાષા હોય તો વિશ્વના કરોડો લોકો જેને બોલે - સમજે છે એવી હિન્દી સાથે ઓરમાયું વર્તન કેમ સાંખી શકાય? પરંતુ વિશ્વભાષાનો દરજ્જો ધરાવવાની લાયકાત ધરાવતી આપણી ભાષાને આપણે ઘર આંગણે જ ઠોકરો મારતા હોઈએ ત્યાં બીજા લોકો એનો આદર કરે એવી અપેક્ષા વધારે પડતી જ ગણાશે. હિંદી દિવસની શુભ સવારે આપણે એક હૃદયથી ભારતવાણી તરીકે એનો સ્વીકાર કરીએ. હિંદીને રાષ્ટ્રભાષાનો દરજ્જો મળવાથી પ્રાદેશિક ભાષાઓનું મહત્ત્વ ઘટી જશે, એવો ડર રાખવાની જરૂર નથી. પ્રાદેશિક ભાષાઓ પણ હિંદીમાં અનુવાદિત થઈ વધુ વિકસી શકશે. ખાટલે મોટી ખોડ એ જ રહી છે કે પ્રાદેશિકતાના સમર્થકોને હિંદી નડતરરૂપ કે હરીફ ભાષા લાગતી રહી છે. સાચું તો એ છે કે એ તમામ પ્રાદેશિક ભાષાઓ પર અંગ્રેજી ઝળૂંબી રહી છે, જેનાથી વેળાસર ચેતવવાની જરૂર છે.

વય નિવૃત્ત થતા શિક્ષકે શાળાના બાળકોને ₹ ૧ હજારનું દાન કર્યું

ગાંધીનગર, તા.૧૩

વિદાય હંમેશા વસમી હોય છે. પછી એ દિકરીની હોય કે નિવૃત્ત થતા કર્મચારીની દરેક વ્યક્તિ પોતાની વિદાયને યાદગાર બનાવતા હોય છે. સોનીપુર પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષકે પણ પોતાની વિદાયને યાદગાર બનાવી.

તાલુકાના સોનીપુરમાં આવેલ પ્રાથમિક શાળાના શિક્ષક વિરેન્દ્રભાઈ યાજ્ઞિક વય નિવૃત્ત થયા છે. ત્યારે શિક્ષકે તેમની નોકરીના અંતિમ દિવસો જે શાળામાં વિતાવ્યા અને શાળાના બાળકોએ ગુરુ પાસેથી જ્ઞાન મેળવ્યું તેવા ગુરુએ પોતાના શિષ્યોને દાન કર્યું હતું.

તેમણે શાળામાં અભ્યાસ કરતા ૨૯૨ વિદ્યાર્થીઓને નિવૃત્તિના સંભારણા રૂપે ગણવેશનું દાન કર્યું હતું.

શિક્ષક વિરેન્દ્રભાઈ યાજ્ઞિકે પોતાના બચતના રૂ. ₹ ૧,૦૦૦ વિદ્યાર્થીઓ માટે વાપર્યા હતા. સામાન્ય રીતે વિદાય સમારોહમાં વિદાય લેતા વ્યકિતને યાદગીરીરૂપે ભેટ આપવામાં આવે છે ત્યારે શિક્ષકે કરેલ દાનને ગ્રામજનોએ બિરદાવ્યું હતું.

આ પ્રસંગે સોનીપુરના સરપંચ ગાંડાજી ઠાકોર, જિલ્લા સંઘના આગેવાનો, એસ.એમ.સી.ના સભ્યો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આર.જી. પટેલ કન્યા શાળાનું ગૌરવ

બેંક ઓફ ઈન્ડિયા ગાંધીનગર દ્વારા હિન્દી માસ હેઠળ હિન્દી વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેનો વિષય દુરદર્શન વરદાન અથવા અભિશાપ હતો. આ સ્પર્ધમાં જિલ્લાની ચાર સ્કુલોમાંથી નવ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આર.જી. પટેલ કન્યા શાળાની બે વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

શાળાની વિદ્યાર્થીની ચૌધરી હિરલ શિવરામે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેને ૧૧૦૦ રૂ. રોકડ પુરસ્કાર, લંચ બોકસ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત થયું હતું. ઓઠા ફિઝા ઈમ્તિયાઝે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. જેને રૂ. ૭૫૦ રોકડ પુરસ્કાર, લંચબોકસ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત થયું હતું.

મંજુલાબેન ચૌધરીએ માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યશ્રી સુધાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

હરિની દૃષ્ટિ...

ચાલ ઘરે જઈએ..., વાઈફને કોઈએ એવું કહ્યું કે... ગાંધીનગરમાં રખડતા ઢોરનાં માલીકને રૂ. ૫૦૦ દંડ ભરવો પડશે. એટલે હું બહાર જાઉ છું તો તને બીક લાગે છે...!!

લીંબોદરાની પી.આર.શાહ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સ્માર્ટ ક્લાસમાં ભણશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના લીંબોદરા ગામમાં આવેલ પી.પી.આર. હાઈસ્કૂલમાં ઈ-લર્નીંગ એજ્યુકેશન શિક્ષણનો શુભારંભ કરવામાં આવ્યો છે.

સમગ્ર દેશ ટેકનોલોજીનો ઉપયોગ કરી આગળ વધી રહ્યો છે ત્યારે રાજ્યના છેવાડાનો બાળક નિરીક્ષર અને ટેકનોલોજીમાં અભણ ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સ્માર્ટ એજ્યુકેશન સિસ્ટમ અપનાવવા જણાવવામાં આવ્યું છે.

જિલ્લાના લીંબોદરામાં આવેલ પી.પી.આર. શાહ હાઈસ્કૂલમાં પૂજ્ય પન્યાસ પ્રવરશ્રી પ્રસન્ન કીર્તિસાગર મહારાજ સાહેબના આશીર્વાદથી સ્માર્ટ ક્લાસ, સ્માર્ટ બોર્ડ ઈ-લર્નીંગ સિસ્ટમનો શુભારંભ કરવામાં આવ્યો છે. શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓને સ્માર્ટ સિસ્ટમથી સ્માર્ટ બનાવવામાં આવશે. શાળાનો વિદ્યાર્થી ટેકનોલોજીમાં વિશ્વ સાથે કદમથી કદમ મિલાવી આગળ વધે તેવો હેતુ રાખવામાં આવ્યો છે.

શાળામાં આધુનિક સાધનો વસાવવામાં આવ્યા છે. ગામના બાળકો માટે શ્રેષ્ઠ વ્યવસ્થા ઉભી કરવા બદલ ગ્રામજનોએ શાળા પરિવારની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે. તેમજ લીંબોદરા સેવા સમાજ દ્વારા શ્રેષ્ઠ સેવાના ભાગરૂપે બહેરા-મૂંગા, શારીરિક અશક્ત અને મંદબુદ્ધિના બાળકો માટે પણ અલગ વર્ગને શરૂ કરવામાં આવ્યો છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા મૂલ્યશિક્ષણ અને આધ્યાત્મિકતા વિષયક કોર્ષનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી) (વિશ્વ કેન્દ્ર માઉન્ટ આબુ, રાજસ્થાન) ના ઉપક્રમે ભારતની વિવિધ યુનિવર્સિટીઓ સંલગ્ન રહી મૂલ્યનિષ્ઠ શિક્ષણનું આયોજન કરવામાં આવે છે. જેમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને આધ્યાત્મિકતા વિષયક ડિપ્લોમા, પી.જી. ડિપ્લોમા, એમ.એસ.સી. તથા એમ.બી.એ. એમ ચાર પ્રકારના અભ્યાસક્રમોની રચના કરવામાં આવી છે.

ઉમરના બાધ વગર અને નોકરી/વ્યવસાયનીસાથે સાથે ઘેર બેઠા બેઠા કરી શકાય તેવા આ અભ્યાસક્રમ અંગેની સંપૂર્ણ માહિતી મેળવવા અને સ્થળ પર જ કોર્ષમાં દાખલ થવા સત્વરે બ્રહ્માકુમારીઝ, શિવશકિત ભવન, ઈન્કવાયરી કચેરી પાસે, સે-૨૮, ગાંધીનગર ખાતેના બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર પર પધારવા બી.કે. કૈલાશદીદીએ હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

કોર્ષમાં દાખલ થવા ઈચ્છતાં ભાઈ બહેનોને (૧) રચનાબેન જોષી મો. ૯૪૨૭૭ ૧૪૨૯૧ (૨) બ્રહ્માકુમારી તારાબેન મો. ૯૮૭૯૬ ૧૨૧૨૦ અથવા (૩) કરુપ્પા સ્વામીનો મો. ૮૧૨૮૫ ૫૮૬૫૭નો ફોન પર સંપર્ક કરતા પણ જરુરી માહિતી ઉપલબ્ધ થઈ શકશે.

વિદ્યાર્થીઓ સામે કોઈ કાર્યવાહી નહીં કરાય

પીએચડી પ્રવેશ વિવાદ મુદ્દે યુનિવર્સિટીનું બેવડુ માપદંડ

ગેરકાયદેસર પીએચડીમાં પ્રવેશ મેળવનારનો પ્રવેશ ચાલુ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત યુનિવર્સિટીના પીએચડીમાં પ્રવેશ મુદ્દે ભારે વિવાદ જાગ્યો હતો. આ પ્રકરણમાં ગેરકાયદે પ્રવેશ આપનાર સાયન્સ વિભાગના ડીન નિશા શાહને રસાયણ વિભાગના એચઓડી પદેથી દુર કરીને તેમની સત્તા છીનવી લેમાં આવી છે. જો કે ગેરકાયદે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સામે કોઈ જ કાર્યવાહી ન કરાતા તેમનો પ્રવેશ યથાવત રાખ્યો છે. પીએચડીમાં નોટીફીકેશન બહાર પડી ગયા બાદ સાયન્સ વિભાગના ડીન નિશા શાહે પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યો હતો. જેને લઈ યુનિવર્સિટીમાં ભારે વિવાદ ઉદભવ્યો હતો. આ પ્રવેશ મેળવનારોઓમાં ભારતીય જનતા પાર્ટીની વિદ્યાર્થી પાંખ એબીવીપીના અગ્રણી કાર્યકર્તાનો સમાવેશ થતો હતો જેને કારણે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરી કુલપતિ સમક્ષ સમગ્ર મામલાની ફરિયાદ કરાઈ હતી. જે અંગે તપાસ કરવા કુલપતિએ ત્રણ સભ્યોની કમિટી નિમણુંક કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલે જણાવ્યું હતું કે નિશા શાહના કારણે આ વિદ્યાર્થીઓને પ્રવેશ મોડો મળ્યો છે આ વિદ્યાર્થીઓ અગાઉ પ્રવેશ પરીક્ષા આપી ચુક્યા છે તેમજ આરડીસી સહિતની પ્રક્રિયામાંથી પસાર થઈ ચુક્યા છે પરંતુ નિશા શાહે તેમને પ્રવેશ આપવામાં ઢીલ દાખવતા તેમને પ્રવેશ મોડો મળ્યો હતો આથી આવા વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે.

આજે સાહિત્યસભાનો ગઝલ પઠન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ગઝલ પઠન કાર્યક્રમ યોજવામાં આવશે. આજ રોજ રવિવાર સાંજે ૫.૩૦ વાગે નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને યોજાશે. જેમાં તાજેતરમાં જ મહેન્દ્રભાઈ પુરોહિત, પૂર્વ સચિવ સિંચાઈ વિભાગના બે પુસ્તકોનું વિમોચન કરાયેલ (૧) નિરાંતના પડઘા અને (૨) સંવેદનાનો સાદનું રસપાન કરાવવામાં આવશે. નાયબ ઈજનેર પી.સી. પટેલ ગઝલોનું પઠન કરશે. કાર્યક્રમમાં સાહિત્ય સભાના સભ્યો, સાહિત્ય રસિકોને ઉપસ્થિત રહેવા મૂળજીભાઈ પરમારે જણાવ્યું છે.

જ્ઞાનકુંભ - દર્શન માર્ગ વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં દ્રોણાચાર્ય પુરસ્કાર મેળવનાર પૂર્ણિમા મહંતો કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **તીરંદાજી**

૨. ૨૦૧૩માં દ્રોણાચાર્ય પુરસ્કાર મેળવનાર મહાવીરસિંર કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **બોક્સિંગ**

૩. ૨૦૧૩માં દ્રોણાચાર્ય પુરસ્કાર મેળવનાર નરેન્દ્રસિંહ સેની કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **હોકી**

૪. ૨૦૧૩માં દ્રોણાચાર્ય પુરસ્કાર મેળવનાર કે.પી.થોમર્સ કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **એથ્લેટિક્સ**

૫. ૨૦૧૩માં દ્રોણાચાર્ય પુરસ્કાર મેળવનાર રાજસિંહ કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **કુસ્તી**

૬. ૨૦૧૩માં ધ્યાનચંદ પુરસ્કાર મેળવનાર મેરી ડિ'સોઝા સિકવેરા કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **એથ્લેટિક્સ**

૭. ૨૦૧૩માં ધ્યાનચંદ પુરસ્કાર મેળવનાર સૈયલ અલી કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **હોકી**

૮. ૨૦૧૩માં ધ્યાનચંદ પુરસ્કાર મેળવનાર અનિલ માન કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **કુસ્તી**

૯. ૨૦૧૩માં અવસાન પામેલ સુધાકર બોકાડે કયા ક્ષેત્રે સંકળાયેલ વ્યક્તિ હતા?
➜ **ફિલ્મ**

૧૦. ૨૦૧૩માં ટપાલ વિભાગ દ્વારા કેટલા વર્ષ જૂની તારસેવા બંધ કરવામાં આવી હતી?
➜ **૧૬૩**

૧૧. ટી.સી.એ. રાઘવન કયા દેશમાં ભારતીય ઉચ્ચાયુક્તનો કાર્યભાર સંભાળ્યો હતો?
➜ **પાકિસ્તાન**

૧૨. વર્ષ ૨૦૧૩માં પોતાના પદ પરથી રાજીનામું આપનાર નીલ મિલ્સ કઈ કંપનીના સી.ઈ.ઓ. (CEO) હતા?
➜ **સ્પાઇસ જેટ**

૧૩. વર્ષ ૨૦૧૩માં એશિયાઈ એથ્લેટિક ચેમ્પિયનશીપનું આયોજન કયા સ્થળે કરવામાં આવ્યું હતું?
➜ **પૂણે**

૧૪. વર્ષ ૨૦૧૩માં અંડર-૧૬ સાઉથ એશિયન ફુટબોલ ફેડરેશન (સાફ) ચેમ્પિયનશીપ કયા દેશે જીતી હતી?
➜ **ભારત**

૧૫. ૨૦૧૩માં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ દેશના સિક્કીમ રાજયમાં કયા મંદિરનું ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કર્યું હતુ?
➜ **સિદ્ધેશ્વરધામ મંદિર**

૧૬. ૨૦૧૩માં ચેમ્પિયન લીગ ૨૦-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કયા દેશમાં કરવામાં આવ્યું હતું?
➜ **ભારત**

૧૭. ૨૦૧૩માં પેપ્સિકો ઈન્ડિયા દ્વારા ભારતમાં કયું ડ્રિન્સ લોચ કર્યું હતું?
➜ **પેપ્સી એટમ**

૧૮. મુંબઈ-થાણા વચ્ચે પહેલી ટ્રેન શરૂ થયાને વર્ષ ૨૦૧૩માં કેટલા વર્ષ પૂર્ણ થયા હતા?
➜ **૧૬૦ વર્ષ**

૧૯. ૨૦૧૩માં ભારતીય નૌકાદળમાં ફોલ્ડીંગ પાંખો ધરાવતા કયા આધુનિક ફાઇટર જેટ વિમાનનો સમાવેશ કરવામાં આવ્યુ છે?
➜ **મિગ-૨૯ K**

૨૦. ૨૦૧૩માં ભારતના કયા સ્થળે ભારતની પ્રથમ યુદ્ધ વિમાન માટેની છાવણીની સ્થાપના કરવામાં આવી છે?
➜ **તંજાવુર**

ચાલીસી કે ઉસ પાર : જવાની અને બુઢાપાની વચ્ચે ખીલતી જિંદગી !!!

વાળમાં કાનની ઉપર થોડી થોડી સફેદી કી ચમકાર દેખાવા માંડે, સવારમાં વાળ ઓળતી વખતે દર વખતે એવું લાગ્યા કરે કે વાળ ખરે છે કે શું ? આંખની નીચે હળવા હળવા ચકરડાઓ ચીતરાવા માંડે, ફાંદનો ઘેરાવો કમરપટ્ટાની પકડમાં પણ નાં રહે, દરરોજ સાંજે ઓફિસેથી કે ધંધેથી ઘરે આવતા વેત જ થાકનો અનુભવ થવા માંડે,... તો સામે છેડે ૧૦ કે ૧૨ વર્ષ પહેલા કરાતો હતો એનાથી વધુ મેકઅપ ચહેરો ખાવા માંડે, બ્લાઉઝ કે ડ્રેસ ના ફીટીંગ દરેક સીલાઈએ બદલાવા માંડે, નમણી નાગરવેલ માં થી શરીર ભરાવદાર અને ક્યારેક અદોદારો આકાર ધરવા માંડે.... તો બોસ કે બોસણીઓ... કોન્ગ્રેટ્સ... યુ આર ઇન ફોર્ટીઝ!!! ચાલીસી કે ઉસ પાર આપકા સ્વાગત હૈ!!!

વેઇટ વેઇટ વેઇટ... ચાલીસીના રોડ પર ચાલી નીકળતા જ જરૂરી નથી કે ઉપર લખ્યા એ બધા બમ્પ આવે ને આવે જ...એવું બને કે નાં પણ આવે પણ હા એક વાત ચોક્કસ છે કે ચાલીસી તો આવે ને આવે જ. ચાલીસી એટલે કાઈ શારીરિક અસ્થિરતા, દેખાવમાં ગાબડા કે વધતી જતી ઉમર એટલું જ થોડું છે ? ચાલીસી તો એનાથી પણ ક્યાય વિશેષ અને આવરદાની એક અઘરી બિસાત છે. આપણે ચાલીસીને એક મસ્ત નામથી ઓળખીએ છીએ. ચાલીસીમાં એન્ટ્રી મારો એટલે તમે આધેડની ઓફિસિયલ કેટેગરીમાં નોમીનેટ થઇ જાવ. પછી ભલે ને હજુ તમે યંગ એન્ડ હેન્ડસમ દેખાતા હો પણ ૧૭ કે ૨૨ વર્ષનો બાબો કે બેબી (બીજાની હો) તમને અંકલ કે આંટી કહી જાય તો પણ તમારાથી અંકલ તારો બાપ કે આંટી તારી માં એવી અભદ્ર અને અશોભનીય ભાષાનો પ્રયોગ ના જ કરી શકાય. યુ હેવ ટુ એક્સેપ્ટ ઈટ!!! યુ આર ઇન ફોર્ટીઝ યાર!!! એક્ચ્યુલી આધેડ નો અર્થ થાય છે અર્ધે પહોચેલું, પણ આ તો વાત ચાલીસે પહોચવાની છે...હજુ અર્ધામાં પણ દસેક ઘટે છે ભાઈ. પણ ના, ચાલીસી એ પહોચ્યા એટલે અનોફીશી�ય્લી તમે જીવનની અર્ધી સદી ફટકારી દીધી એમ પાડોશીઓ, દોસ્તોથી લઈને તમારા અર્ધાંગના કે અર્ધાન્ગ્નીઓના મુખે સાંભળવાની તૈયારી કરી જ લેવાની.

પણ આ ચાલીસી એટલે સાલ્લુ છે શું ? કોઈ પૂછે કે કેટલા થયા ને આપણે કહીએ કે ચુમ્માલીસમુ ચાલે છે અને જો એના જવાબમાં એમ સાંભળવા મળે કે શું વાત કરો છો? લાગતા નથી... મને તો એમ કે ૩૫-૩૬ થયા હશે!!! બસ એ જ ઘડીએ ચાલીસી કે ઉસપારવાળાને આવું મધમીઠું બોલનાર પર સમરકંદ ને બુખારાની સાથે સાથે ઈજીઝ ને ઈરાક પણ ઓવારી દેવાનું મન થાય પણ જો એની બદલે ઓહો...૪૪ થઈ ગયા... હવે અડધી તો ગઈ, એમ સંભળાય તો એના પેન્ટ-શર્ટ પણ ઉતારી લેવાનું મન થઈ જાય. પણ આ હકીકત છે. ચાલીસી કે ઉસપાર ગાડી ગતિ પકડે એટલે લોકો એમાં પોતાની મેળે જ બીજા દસ ઉમેરીને તમને હવે ઘરડા થયા વાળા ડાયલોગના શ્રોતા બનાવ્યે જ છૂટકો કરે. ચાલીસી એટલે જીવનનો એક એવો પડાવ કે જે નથી યુવાનીમાં આવતો કે નથી વૃધ્વ્વસ્થામાં. બંનેની વચ્ચે લટકતો, જુલતો આ દસેક વર્ષનો ગાળો છે ચાલીસી !!! હજુ જુવાની જાણે હમણાં જ ગઈ હોય અને ગઢપણને હજુ એકાદ દાયકાની વાર હોય એવા ના ઈધર કે નાં ઉધર જેવા ગાળાનું નામ એ ચાલીસી!!!

ચાલીસી એટલે પાછળ છુટેલી તેજ તર્રાર યુવાનીની યાદો અને એકાદ દાયકા પછીના થોડાક વર્ષોમાં આવનારી વૃદ્ધાવસ્થા સામે લડવાની તૈયારીની આલબેલ વિષે વિચારવાનો સમય. ચાલીસી આવે એટલે લેખની શરૂઆતમાં લખ્યું એ બધાની શરૂઆત થઈ જ જાય. જો પહેલેથી નિયમિત અને સ્વસ્થતાની કાળજી રાખીને જીવ્યા હોવ તો કદાચ પહેલા લખ્યા એમાંથી એકાદ બે લક્ષણો ઓછા આવે અથવા તો મોડા આવે પણ આવે તો ખરા જ. જો કે ઉપર પહેલા પેરામાં લખ્યું એમાં સ્ત્રી અને પુરુષ બંનેની વાત છે પણ મોટાભાગે ચાલીસી અને ચાલીસીની અસરોને પુરુષ બહુ સાહજીકતાથી સ્વીકારી નથી શકતો જેટલી સ્ત્રીઓ સ્વીકારી લે છે. અરે ના, ના અભી તો મી જવાન હું એવું કદાચ કોઈ કિસ્સામાં સ્ત્રી પુરુષ કરતા વધુ મક્કમતાથી અને આગ્રહપૂર્વક ઠસાવવા માંગતી હશે પણ હકીકત એ છે કે ચાલીસી કે પછી ચાલીશમાં ઉમેરાતા જતા દરેક વર્ષો જેટલી સહજતાથી સ્ત્રીઓ સ્વીકારી લે છે એટલી આસાનીથી પુરુષને સ્વીકારતા તકલીફ પડે છે. ઘણા કેસમાં ચાલીસીએ પહોચેલા અમે રહી ગયા ને તમે લઈ ગયા જેવી માનસિક સ્થિતિના શીકાર બનતા પણ જોયા છે. યુવાનીમાં અઠવાડિયે એક દિવસ દાઢી કરનારો લગભગ રોજ ઘસી ઘસીને દાઢી કરતો કે પછી સફેદ વાળને છુપાવવા ડાઈ કરતો થઈ જાય છે તો સામા પક્ષે પણ બ્યુટીપાર્લરોના ધક્કા કે પછી ટાઈટ ફીટીંગ ડ્રેસના અભરખા વધતા જાય છે. નો ડાઉટ સુંદર દેખાવું દરેકનો જન્મસિદ્ધ અધિકાર છે અને માણસ જેટલો પોતાની જાતને સુંદર બનાવી શકે એટલું એ એની જાતને જ ખુશ કરનારું હોય શકે પણ ચાલીસીની લાસ્ટ લોકલ છૂટી જવાની બળતરામાં ઘણા ચાલીસી પછી પચાસી આવવાની જ નાં હોય એવું વર્તન કરતા હોય છે.



રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

ચાલીસી એટલે પાછળ છૂટી ગયેલા વર્ષોમાં કરેલી ભૂલોનું સીટ બેક... ટેક એ સીપ એન્ડ ડુ મૂલ્યાંકન. બચપણથી લઈને જુવાનીની અલ્લડતા કે પછી ધધા-નોકરીની જહેમતને વાગોળવાની ચિલ્ડ મોમેન્ટસ!!! છેલ્લા બે કે દોઢ દાયકાની જીવનકી આપાધાપીમાં ભાઈએ કે બહેને વોટ ઝંડા ગાડી દીધા એનું વિશ્લેષણ અને જરૂર હોય તો વાહવાહી કરવાની એક તક એટલે ચાલીસી!!! જો એ દોઢ કે બે દાયકા સીધી રીતે કે સારી અને સંભાળપૂર્વક પસાર કરેલા હશે તો ચાલીસીની વાડીમાં એન્ટર થતા જ સુખ અને સંપતિનો મબલક પાક એની રાહ જોતો લચી પડ્યો હશે. નહિતર એના નસીબમાં ચાલીસી નહિ પણ જવાનીથી સીધો બુઢાપો જ આવશે એ પણ નક્કી છે. જરૂરી નથી કે બધાના ચાલીસી પહેલાના દોઢ - બે દાયકા સારી અને સુચારુ રીતે જ વીત્યા હોય. ઘણાની નસીબની બલિહારીમાં ચાલીસીએ પહોચ્યા પછી પણ મુશ્કેલીઓ અને જિંદગીની જદોજહેદ સામે લડવામાં ચાલીસીનું સ્ટેશન ક્યારે આવીને જતું રહ્યું એની પણ ખબર પડતી નથી હોતી અને જયારે આ લડાઈ પછી ઉમરની ગાડી હાશ કરીને ઉભી રહે ત્યારે સીધ્ધું પચાસ કે પેલે પારનું સ્ટેશન જ આવે છે.

ચાલીસીએ પહોચેલા કે પહોચેલી પાસે હોય છે ભૂતકાળના અનુભવોનો ખજાનો. નો ડાઉટ મુગ્ધાવસ્થાને બાદ કરીએ તો ફક્ત ૨૦-૨૫ વર્ષોનો જ ખજાનો હોય છે પણ એ હોય છે ભાતીગળ. જો ૨૨-૨૪ વર્ષ ની સરકારમાન્ય ઉમરે લગ્ન થઈ ગયા હોય તો ચાલીસીના દરબારના આંગણે ૧૫-૧૬ વર્ષના ટીન ખીખીયાટીઓ કરતા હોઈ શકે જેના પર કે જેના ઘડતરમાં એ પોતાના આ ૨૦-૨૫ વર્ષોના અનુભવનો ખજાનો ખપાવી શકે છે. ચાલીસીએ પહોચેલા પાસે જિંદગીના સપનાઓનું એક નક્કર સત્ય હોય છે અને એ સત્ય એણે જાતે અનુભવેલું અને ઓળખેલુ હોય છે. ૨૦ કે ૨૫ વર્ષે એક વાર તો યુરોપ જવું જ છે, અરે જવું જ છે શું પણ જઈ જ શકાય એવું છાતી ઠોકીને બોલનાર ચાલીસી આવતા આવતા હજ્જા, લોનો કે પછી દર મહિનાના છેલ્લા એક વિકને હેમખેમ પાસ કરવાની પડતી જતી ટેવ પછી એટલું તો સમજી ચુક્યો હોય છે કે ખ્વાબ દેખના ગુનાહ નહિ હૈ મગર હર એક ખ્વાબ પૂરે નહિ હોતે!!! યસ ઈટ ઈઝ નોટ એટ ઓલ એની રોંગ કેમકે ચાલીસી પહેલાના એના આ તૂટેલા ખ્વાબોથી એ એટલું તો શીખી જાય છે કે કમ સે કમ ખ્વાબ એવા જ જોવા જે પુરા થઈ શકે અને એને લીધે આવનાર એકાદ દાયકા કે બાકીની જિંદગીમાં એ પોતાના વિચારો પ્રત્યે વધુ ચોક્કસ અને નિર્ણાયક બનતો જાય છે. અગેન અહી પછેડી જેટલીની